Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ભારતમાં કાનૂની શિક્ષણ અને સંશોધનનો વિકાસ: એક જરૂરિયાત.....

**ડૉ.હર્દીકકુમાર એ. પટેલ**

આસિસ્ટન્ટપ્રોફેસર શેઠ વી.એસ. લૉ કોલેજ, ઊંઝા.

- **પ્રસ્તાવના**

પ્રકૃતિ એ સમગ્ર પૃથ્વી પર સજીવસૃષ્ટિનું નિર્માણ કર્યું, જેમાં મનુષ્યને પ્રકૃતિએ અદ્દભુત બૌધ્ધિક ક્ષમતા અને જીજ્ઞાસાવૃત્તિ આપી. આ જ બૌધ્ધિક ક્ષમતા અને જીજ્ઞાસાવૃત્તિનો ઉપયોગ કરી મનુષ્યએ આદિમાનવથી આજના આધુનિક માનવ સુધીનો સફળ પ્રવાસ ખેડ્યો છે. મનુષ્યના ચાલી આવતા આ પ્રવાસમાં સતત બળ(શક્તિ) પૂરી પડવાનું અગર જો કોઈએ કાર્ય કર્યું હોય તો તે છે શિક્ષણ અને સંશોધન. એક વખત સમયને સ્થગીત કરીને કલ્પના કરી જુઓ, અગર શિક્ષણ અને સંશોધન ના હોત તો અગ્નિ, ચક્ર, કાગળ, ટાઈપરાઈટર, ટેલિફોન, કોમ્પ્યુટર વગેરેની ગેરહાજરીમાં આજના મનુષ્યની શું હાલત હોત? જેથી શિક્ષણ અને સંશોધન આજના મનુષ્યના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

આજે આપણે કાનૂની શિક્ષણ અને સંશોધનની વાત કરીએ છીએ તો, આજ્ઞાત્મક કાનૂનનો સિધ્ધાંત, કુદરતી ન્યાયના સિધ્ધાંતો, સત્તાવિભાજનનો સિધ્ધાંત, કાયદાના શાસનનો સિધ્ધાંત વગેરે સિધ્ધાંતો કાનૂની શિક્ષણ અને સંશોધનને આભારી છે. કાનૂની શિક્ષણ અને સંશોધન મનુષ્યના કલ્યાણ તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ખૂબ જ જરૂરી છે.

- **કાનૂની શિક્ષણ અને સંશોધનનો અર્થ**

➢ **કાનૂની શિક્ષણ:-**

કાનૂની શિક્ષણ એટલે કે જેમાં વ્યક્તિને કાનૂની શિક્ષણ આપવામાં આવે, જેના દ્વારા તેનો વ્યક્તિત્વ વિકાસ, જ્ઞાનમાં વધારો અને કાનૂની માહિતીથી માહિતગાર કરવામાં આવે. કાયદાની વિવિધ શાખાઓથી વ્યક્તિને પરિચિત કરવામાં આવે. કાનૂની શિક્ષણ એ શિક્ષક દ્વારા વિદ્યાર્થીને આપવામાં આવે છે.

➢ **કાનૂની સંશોધન:-**

કાનૂની સંશોધન એ એક એવી પધ્ધતિસરની તાર્કિક તેમજ અનાત્મલક્ષી પ્રક્રિયા છે કે જેમાં અભ્યાસ માટે પસંદ કરાયેલી સમસ્યામાં આવરી લેવાયેલા ચલોને અનુરૂપ રચવામાં આવેલી ઉત્કલ્પનાઓની ચકાસણી માટે યોગ્ય ઉપકરણ વડે મેળવેલી વ્યવસ્થિત માહિતીઓનું ઉચિત રીતે પૃથ્થકરણ કરીને સામાન્યકરણો કે સિધ્ધાંતો તારવવામાં આવે છે જેના પરીણામે કાયદાની થિયરીઓ(સિધ્ધાંતો) નો ઉદભવ કે વિકાસ થાય છે.

ભારતમાં કાનૂની શિક્ષણ માટે કોઈપણ વિષયમાં સ્નાતક થયેલ વિદ્યાર્થી એલએલ.બી.માં પ્રવેશ મેળવી કાનૂની શિક્ષણમાં પ્રવેશ કરી શકે છે. એલએલ.બી. નો આ અભ્યાસ ૩ વર્ષનો હોય છે. એલ.એલ.બી. પછી અનુસ્નાતકના અભ્યાસ માટે ૨ વર્ષનો એલ.એલ.એમ. નો અભ્યાસક્રમ હોય છે. આ પછીનો અભ્યાસ એ કાનૂની સંશોધન સાથે સંકળાયેલો છે. જેમાં ૧ વર્ષનો એમ.ફિલ. નો અભ્યાસક્રમ અને ત્યારબાદ પી.એચ.ડી. ના અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લો સ્કૂલમાં ૧૨ ધોરણ પછી ૫ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે.

- **કાનૂની શિક્ષણ અને સંશોધનનો ઈતિહાસ**

➢ **પ્રાચીન ભારતના સમયમાં:-**

પ્રાચીન ભારતમાં આ કાયદો એ ધર્મની એક શાખા તરીકે હતો. વેદ એ કાયદાના મુખ્ય સ્રોતો હતા તેમજ સ્મૃતિઓ વેદનો સંદેશ હતી જયારે સ્મૃતિકારો એ મહાન ધારાશાસ્ત્રીઓ હતા. પ્રાચીન ભારતમાં સદાચાર, રીત-રીવાજો, ન્યાય અને યુક્તિ એ કાનૂની પ્રક્રિયાના માધ્યમ હતા. રાજા એ સભાને સંબોધન આપતો હતો. આવી સભાઓ ધારાસભાઓ અને કારોબારી સભાઓનું મિશ્રણ હતું. જેમાં રાજાના સલાહકારો તેમજ ધારાશાસ્ત્રીઓનું સંગઠન જોવા મળતું હતું. કોઈ કાનૂની તકરારનો પ્રશ્ન રાજા સમક્ષ આવે ત્યારે આ સભામાં તેનું નિરાકરણ લાવવામાં આવતું હતું.

પ્રાચિન ભારતના વૈદિક કાળમાં ધર્મ પુસ્તકો જ કાનૂની શિક્ષણનો આધારસ્તંભ હતા. તે સમયે શિક્ષણ મેળવવા માટે ગુરુકુળ પ્રથા જોવા મળતી હતી.શિષ્યોને નીતિના યોગ્ય પાઠ ભણાવવામાં આવતા હતા. તે સમયે નીતિ એ જ કાયદો હતો. ભારતના ઋષિ મુનીઓ "ચારે તરફથી આવતા સારા વિચારોને ગ્રહણ કરવાની" વૃત્તિ ધરાવતા હતા તેમજ સમય સાથે નીતિ(કાયદા)માં પરિવર્તનના પણ આગ્રહી હતા. જેથી નીતિ(કાયદા)માં સંશોધન પણ તે સમયે વિકાસ પામેલું જોવા મળતું હતું. પ્રાચીન ભારતમાં કાનૂની શિક્ષણ તેમજ સંશોધનની આ પ્રકારની ઉત્તમ પ્રણાલી જોવા મળતી હતી.

➢ **બ્રિટીશ શાસન:-**

અંગ્રેજો એ ભારતમાં વેપાર કરવાના ઉદ્દેશ સાથે આવ્યા હતા. તેના માટે ઈ.સ.૧૬૦૦ના અરસામાં તેમણે ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઇંગ્લેન્ડમાં સ્થાપના કરી અને તેના દ્વારા ભારતમાં વેપાર વ્યવહાર ચાલતો હતો. સમય જતાં પ્રથમ સ્વતંત્ર સંગ્રામ ૧૮૫૭ પછી ભારતનો વહીવટ તાજને સોંપવામાં આવ્યો. ભારતમાં પ્રથમ અંગ્રેજી અદાલતની સ્થાપના ૧૬૭૨માં બોમ્બેમાં ગવર્નર ગેરાલ્ડ દ્વારા કરવામાં આવી. જયારે સુપ્રિમકોર્ટની સ્થાપના ઈ.સ.૧૭૭૪ના સમયમાં બંગાળમાં કરવામાં આવી. ખાસ નોંધ લેવી કે આમાં ભારતીય વકિલોને કોઈ હક્કો આપેલ ન

હતા. ઈ.સ.૧૭૯૩થી ભારતીય કાનૂની વ્યવસાયનું કંપનીની કોર્ટમાં આગમન થયું, જેમાં ભારતીય વકિલ તરીકે ફરજ બજાવી શકતો પરંતુ એક જજ તરીકે તે ફરજ બજાવી શકતા ન હતા. જજ તરીકે ફરજ બજાવવા માટે ઇંગ્લેન્ડ અને આર્યલેન્ડના જ વતની હોવા જોઈએ જે પ્રથમ જરૂરિયાત હતી. લીગલ પ્રેક્ટિસનર એક્ટ-૧૮૭૯ના આધારે એલ એલ. બી. ની ડિગ્રી ધારણ કરનાર વ્યક્તિ કાનૂની પ્રેક્ટિસ કરવા માટે યોગ્ય ગણાતો. સમયની સાથે બાર કાઉન્સિલ એક્ટ-૧૯૨૬ પણ અમલમાં આવ્યો. જેથી વકિલાતના વ્યવસાયને ઉત્તેજન મળ્યું.

ભારતીય કાનૂની શિક્ષણનું માળખું એ સંપૂર્ણ ઇંગ્લેન્ડથી આયાત કરવામાં આવેલ હતુ. ભારતમાં કાનૂની શિક્ષણની શરૂઆત બ્રિટીશ કાળમાં ૧૮૮૫થી જોવા મળે છે. મુંબઈ અને મદ્રાસની સરકાર એફિસ્ટોન કોલેજ તેમજ કલકત્તાની હિન્દુ કોલેજથી કાનૂની શિક્ષણનો ભારતમાં આરંભ થયો. જેનો મુખ્ય હેતુ વકીલો અને કાનૂની મદદગારો ઊભા કરવા જેથી કારોબારી તંત્રને મદદરૂપ થઇ શકે કરણ કે મોટાભાગની ભારતીય પ્રજા એ ગામડાની અને અભણ હતી. આ ઉપરાંત અંગ્રેજોની અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા લોકોની સંખ્યા ખૂબ ઓછી હતી. આ કાનૂની શિક્ષણ મેળવનાર એ સરકાર અને પ્રજા વચ્ચેના પુલ તરીકે કામ કરી શકે તે પાછળનો મુખ્ય આશય હતો. કાનૂની શિક્ષણ એ અન્ય કોર્સ સાથે ચાલતો બે વર્ષનો અભ્યાસક્રમ હતો. જે વ્યાખ્યાન પધ્ધતિ દ્વારા આપવામાં આવતો હતો. કાનૂની સંશોધન અને કાનૂની તાલીમનો સદંતર અભાવ જોવા મળતો હતો. એ સમયગાળામાં ઈંગ્લેન્ડમાં કાયદાનો અભ્યાસ કરવો એ પ્રતિષ્ઠા ગણાતી હતી. ભારતના મહાન પુરુષો જેવા કે મહાત્મા ગાંધી, જવાહર નહેરુ, બાબા સાહેબ આંબેડકર વગેરેએ ઇંગ્લેન્ડમાંથી જ અભ્યાસ કરેલ હતો.

- **ભારતની આઝાદી પછીના સમયમાં:-**

આ સમયગાળા દરમ્યાન ૧૯૫૦ પછી ભારતની પ્રજાનું શાસન આવ્યું. આઝાદી પછી શિક્ષણ ક્ષેત્રે વિકાસ સાધવો એ એક પડકાર સમાન હતું. તેમ છતાં ભારતે ધીમી પરંતુ મક્કમ ગતિથી તે વિકાસ ચાલુ રાખ્યો. ભારતમાં કાનૂની શિક્ષણ ક્ષેત્રે ઈ.સ.૧૯૬૧માં એડવોકેટ એક્ટ-૧૯૬૧ અમલમાં આવ્યો. જેથી વકિલાતના વ્યવાસયને એક નવી ક્ષિતિજો ખુલી. ત્યારપછીના સમયમાં પણ નવી નવી કાનૂની કોલેજો કોર્ટો કાયદા સાથે સંકળાયેલ વિભાગોનો દિન પ્રતિદિન વિકાસ થયો. ૧૯૯૮ના કાનૂની શિક્ષણના નિયમના આધારે ૩ વર્ષનો એલ એલ. બી. નો અભ્યાસક્રમ પૂરો કર્યા પછી જ વકીલાત કરી શકાય તેવી ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવામાં આવી. વૈશ્વિકરણ અને ટેકનોલોજીના વિકાસ સાથે કાનૂની શિક્ષણ અને સંશોધનમાં પણ ધરખમ સુધારાઓ જોવા મળેલ છે.

જેમાં કોઈપણ વિષયમાં સ્નાતક થયેલ વિદ્યાર્થી કાયદા શાખામાં પ્રવેશ મેળવી શકે,કાયદા શાખાની અલગ કોલેજોની વ્યવસ્થા જોવા મળેલ છે.લૉ સ્કૂલ દ્વારા પાંચ વર્ષનો કાયદાશાખાનો

અભ્યાસક્રમ જોવા મળે છે.કાયદાશાખામાં અનુસ્નાતક માટે એમ. ફિલ નો એક વર્ષનો અભ્યાસક્રમ જોવા મળે છે.કાનૂની સંશોધન માટે પી. એચ. ડી. નો અભ્યાસક્રમ પણ જોવા મળે છે. જેના દ્વારા કાનૂની સંશોધનને નક્કર ઓપ આપી શકાય છે.કાયદાશાખાના અભ્યાસ માટે કોલેજ તેમજ યુનિવર્સીટીના નિયમોનું પાલન કરવાનું રહે છે જયારે વકીલાતની પ્રેક્ટિસ કરવા માટે બાર કાઉન્સિલના નિયમોનું પાલન કરવામાં આવે છે.કાનૂની શિક્ષણની મુખ્ય પદ્ધતિ લેકચર પદ્ધતિ જોવા મળે છે. પરંતુ તેની સાથે ચર્ચા પદ્ધતિ, સેમિનાર પદ્ધતિ, ક્લિનીકલ રિસર્ચ પદ્ધતિ, મૂટકોર્ટ, કેસ ચર્ચા પદ્ધતિ, સમૂહ ચર્ચા વગેરે જેવી પદ્ધતિઓનો સમાવેશ થાય છે.વિજ્ઞાન અને ટેકનોલોજીનો કાનૂની શાખામાં કાનૂની શિક્ષણ અને સંશોધનમાં યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે.

- કાનૂની શિક્ષણ અને કાનૂની સંશોધનનું મહત્વ

ભારતીય શિક્ષણની દરેક શાખાઓમાં કાનૂની શિક્ષણ શાખાએ ખુબ જ મહત્વની ભૂમિકા અદા કરી છે. આજના સમયમાં જે રીતે ભારત દેશ દરેક ક્ષેત્રે વિકાસ કરી રહ્યો છે તે જોતાં કાનૂની શિક્ષણનું મહત્વ દિન પ્રતિદિન વધતું જાય છે. વૈશ્વિકીકરણના આ સમયમાં જયારે પૂરું વિશ્વ એક નાનું કુટુંબ બની ગયું છે જેથી કાનૂની શિક્ષણમાં પણ નવી-નવી પેટા શાખાઓનો વિકાસ થઈ રહ્યો છે. એક સમયે કાનૂની શિક્ષણ મેળવનાર એ વકિલાતના વ્યવસાયમાં જ જોડાતા હતા, જયારે આજના સમયમાં વકિલાતના વ્યવસાય સિવાયની નીતનવી તકો જોવા મળે છે. કાયદાશાસ્ત્રનો વિદ્યાર્થી વકીલ, કાનૂની સલાહકાર, કાનૂની કર્મચારી, ધારશાસ્ત્રી, સમાજ સેવક, રાજનેતા તેમજ સારા એવા જજની પદવી ધારણ કરી શકે છે. એનો મતલબ એ છે કે જે કોઈ વિદ્યાર્થી કાયદાનો અભ્યાસ કરે છે તેના માટે સમાજપયોગી થવાના એક-બે નહિ પરંતુ અનેક સ્રોતો છે.

કાનૂની સંશોધન એ આજના સમયની એક માંગ છે. સમયની સાથો-સાથ કાયદામાં પરિવર્તન ન કરવું એ સમાજ સામે અન્યાય કરવા યોગ્ય છે. સમાજમાં પરિવર્તન બે રીતે જોવા મળે છે. એક સમાજ દ્વારા કાયદામાં પરિવર્તન અને બીજુ કાયદા દ્વારા સમાજમાં પરિવર્તન. સમાજ દ્વારા કાયદામાં પરિવર્તનનું એક ઉદાહરણ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ છે. સમાજના લોકો કોમ્પ્યુટર અને ટેકનોલોજીનો ઉપયોગ કરવા લાગ્યા જેથી તેમાં સાયબર ગૂનાઓ પેદા થયા. આ ગૂનાને રોકવા માટે કાયદાની જરૂરિયાત પેદા થઈ. આ રીતે સમાજ દ્વારા કાયદાનો ઉદભવ , વિકાસ અને પરીવર્તન થાય છે. તેજ રીતે કાયદા દ્વારા પણ સમાજમાં પરીવર્તન જોવા મળે છે. જેમકે બાળલગ્ન અટકાયત અધિનિયમ દ્વારા છોકરાની ઉંમર ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષથી નીચે હોય તો લગ્ન ના કરી શકાય. પહેલાં ખૂબ નાની ઉંમરમાં લગ્ન કરાવી દેવામાં આવતા હતા. પરંતુ આ કાયદાને લીધે સમાજમાં પરિવર્તન આવ્યું અને

અત્યારે બાળલગ્ન ખૂબ ઓછા જોવા મળે છે. કાયદામાં પરિવર્તન એ એક સંશોધનનો વિષય છે. પરંતુ યોગ્ય સમય સાથે સંશોધન કરવામાં ના આવે તો અસંતુલિત વાતાવરણ બને છે, જેથી સમાજને નુકશાન થાય છે. કાનૂની સંશોધન સમાજની સંતુલિતતાને ટકાવી રાખવાનું કાર્ય કરે છે.

- કાનૂની શિક્ષણ અને સંશોધનના પડકારો

➢ **ભૌતિક સુવિધા અને નાણાંની કમી:-**

કાનૂની શિક્ષણ સામેનો સૌથી મોટો પ્રશ્ન તે ભૌતિક સુવિધાઓ અને નાણાંની કમીનો છે. ભારતની મોટાભાગની લૉ કોલેજોમાં સંશોધનો અને નાણાંની અછત જોવા મળે છે. યોગ્ય ક્લાસરૂમ, પુસ્તકો, લાયબ્રેરી, કોમ્પ્યુટર, મૂટકોર્ટ વગેરેનો અભાવ જોવા મળે છે.

કાનૂની સંશોધન એ પ્રમાણમાં વિશેષ ખર્ચ માંગી લે છે. સામાન્ય રીતે બહારની આર્થિક મદદ વગર સંશોધન કાર્ય હાથ ધરવું શક્ય બનતું નથી. ભારતમાં શિક્ષણના બજેટનો ખૂબ માર્યાદિત ભાગ જ સંશોધન માટે ફાળવવામાં આવ્યો છે. જેથી ફક્ત ડિગ્રી જ મેળવી શકાય છે. સારા કાનૂની સંશોધનો હાથ ધરી શકાતા નથી. સંશોધનકારને જે પ્રમાણે ભૌતિક સુવિધાઓ અને નાણાંની જરૂરીયાતો હોય છે તે ભારતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થઇ શકે છે. જેથી કાનૂની સંશોધનને ઉત્તેજન મળતું નથી.

➢ **રાજ્ય સરકારોની ઉદાસીનતા:-**

વિકસિત દેશોમાં મોટાભાગના સંશોધનો યુનિવર્સીટી દ્વારા જ પૂરા પાડવામાં આવતા હોય છે. તેમનું શિક્ષણ જ ખૂબ પ્રેક્ટિકલ અને સંશોધનને મહત્વ આપે તે પ્રમાણેનું યોગ્ય જોવા મળે છે. ત્યાંની સરકાર શિક્ષણ અને સંશોધનને ખૂબ જ મહત્વ આપે છે તેમજ તેના પર યોગ્ય ધ્યાન રાખી વિકાસ કરી શકાય તે માટે સતત જાગૃત રહે છે. આ પ્રકારની જાગૃતતા ભારતમાં જોવા મળતી નથી. ભારતની રાજ્ય સરકાર ખૂબ જ ઉદાસીનતાભર્યું વલણ દર્શાવે છે. તેઓ ફંડની કમીનું બહાનું બનાવી બધી જ જવાબદારીમાં થી છટકી જાય છે. ભારતની રાજ્ય સરકારમાં કાનૂની શિક્ષણ અને સંશોધનને ઉત્તેજન મળે તેવી ઈચ્છાશક્તિ જોવા મળતી નથી. તેથી આઝાદીના આટલા વર્ષો પછી પણ ભારતમાં ન્યાય મેળવવો ખૂબ જ અઘરું છે.

➢ **શિક્ષકો અને સંશોધનકારોની કમી:-**

ભારતના લગભગ બધા જ રાજ્યોની કોલેજોમાં પૂરતા પ્રમાણમાં શિક્ષકો નથી. અગર શિક્ષકો જ નથી તો કાનૂની શિક્ષણ વિદ્યાર્થીઓને આપશે કોણ? તે મોટો પ્રશ્ન છે. અગર વિદ્યાર્થીઓને યોગ્ય કાનૂની શિક્ષણ જ નહિ મળે તો સંશોધનકારો પેદા કેવી રીતે કરવા તે પણ મોટો પ્રશ્ન છે. આમ શિક્ષકોની કમી એ કાનૂની શિક્ષણનો સળગતો પ્રશ્ન છે. ખેદ એ વાતનો છે કે સરકાર આજે પણ ઊંઘે છે. આજે કાનૂની શિક્ષણ અને સંશોધનની વાત કરીએ છીએ, પરંતુ જેનો

તે પાયો કહેવાય તે શક્ષકો જ નથી તો તેના પર ઈમારત ચણવી કેવી રીતે તેનો જવાબ કોઈની પાસે નથી.

સંશોધનની વાત કરીએ તો સંશોધન ખૂબ મહેનત, સમય, સતત અભ્યાસ માંગીલે તેવી પ્રવૃત્તિ છે. પરંતુ યોગ્ય માર્ગદર્શક શિક્ષકો નીચે પ્રાથમિક કાનૂની શિક્ષણ ના લેવામાં આવે તો આ પ્રકારનું સંશોધન કરવું એ અશક્ય છે. આ ઉપરાંત સંશોધન હાથ ધરવા માટે ઊચી બૌધ્ધિક ક્ષમતા, અનાત્મલક્ષિતા, ઊડી અભ્યાસવૃત્તિ, અખૂટ ધીરજ વગેરે ખૂબ જરૂરી છે. આ ગુણો સામાન્ય વ્યક્તિમાં પૂરતા પ્રમાણમાં હોય નહિ. તે સતત અભ્યાસથી વિકસાવી શકાય છે. જેના માટે યોગ્ય માર્ગદર્શકની જરૂરીયાત પડે છે. જેની આપની પાસે અછત છે. આમ શિક્ષકો અને સંશોધનકારોની અછત એ પણ ખુબ મોટી સમસ્યા છે.

- **તાલીમનો અભાવ:-**

કાનૂની શિક્ષણ એ ખૂબ જ તાલીમ માંગીલે તેવું શિક્ષણ છે. આથી વિદ્યાર્થીઓને કાનૂની શિક્ષણ કેવી રીતે આપવું તેના માટે શિક્ષકોને તાલીમ આપવી જરૂરી છે. શિક્ષકોને યોગ્ય બનાવીને કાનૂની શિક્ષણને યોગ્ય લક્ષ્ય સુધી પહોંચાડી શકાશે. શિક્ષકો યોગ્ય તાલીમ પામેલા ન હોય તો વિદ્યાર્થીઓને ન્યાય નહિ આપી શકે. જેની સીધી અસર ભવિષ્ય ના કાનૂની વહીવટને થાય છે. જેથી શિક્ષકોને કાનૂની શિક્ષણની જરૂરી તાલીમ આવશ્યક છે.

કાનૂની સંશોધન એ વિશિષ્ટ પ્રકારના કૌશલ્ય માંગી લે તેવું છે. તે માટે વૈજ્ઞાનિક ઢબની તાલીમની ખૂબ જ જરૂરિયાત રહે છે. સંશોધન એ આગવી અને વિશિષ્ટ પ્રક્રિયા છે. તે વૈજ્ઞાનિક અને પધ્ધતિસર હાથ ધરી શકાય તે માટે ચોક્કસ માર્ગદર્શન મળવું જોઈએ. આ પ્રકારનું માર્ગદર્શન તાલીમ દ્વારા આપી શકાય છે. મોટાભાગના અધ્યાપકો શિક્ષક તરીકેના લાંબા અનુભવના આધારે માર્ગદર્શક બની જાય છે. તેઓ સારા અધ્યાપક હોઈ શકે, પરંતુ તેમની પાસે સંશોધન-માર્ગદર્શન આપવ જરૂરી ક્ષમતા અને કૌશલ્યો હોતા નથી. આપણે ત્યાં સંશોધન-માર્ગદર્શન આપવા માટેની લાયકાત પ્રાપ્ત કરવા માટે કોઈ શિક્ષણની કે તાલીમની જોગવાઈ નથી. તાલીમની ખામી એ સંશોધનમાં પણ ખામી ઉત્પન્ન કરી શકે છે.

- **<u>કાનૂની શિક્ષણ અને સંશોધનની જરૂરિયાત</u>**

- **લોકશાહીનું જતન કરવા માટે:-**

હાલ જે ઘટનાઓ ઘટી રહી છે તે જોતાં કાનૂની શિક્ષણ અને સંશોધનનો વિકાસ કરવો એ આવશ્યકતા થઇ ગઈ છે. નિર્ભયા રેપ કેસથી જે લોકોમાં આક્રોસ જોવા મળી રહ્યો હતો તે યોગ્ય હતો, પરંતુ લોકશાહીનું જતન કરવું એ પણ જરૂરી છે. હાલ ભારતમાં પ્રવર્તમાન પાયાના કાયદા છે તે ઘણા પુરાણા છે તેમાં બદલાવ થયો છે. પરંતુ સમયના પ્રવાહપ્રમાણે કોર્સ પરીવર્તન જે ખૂબ જ જરૂરી છે તે જોવા મળતું નથી. કાનૂની શિક્ષણ અને સંશોધન જ આ

કાયદાને યોગ્ય અસરકારક કાયદાઓ બનાવી શકે અને તેનું પાલન કરાવી શકે. આજે ભ્રષ્ઠાચાર, મોંઘવારી, આતંકવાદ વગેરે જેવી સમસ્યાથી આમ આદમી ત્રાસી ચૂક્યો છે, અને આંદોલનો કરી રહ્યો છે. જેથી લોકશાહી વ્યવસ્થા તુટતી નજર આવે છે. સંવિધાનિક સંસ્થાઓનો જે રીતે રાજનૈતિક લાભ લેવા રોકવા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેને રોકવો ખૂબ જ જરૂરી છે. આમ, લોકશાહીના જતન માટે કાનૂની શિક્ષણ અને સંશોધનની જરૂરીયાત છે.

- **ભારતીય લોકતંત્રને મજબૂત બનાવવા:-**

ભારતીય સંવિધાનના મુખ્ય ત્રણ અંગો પૈકીના વૈધાનિક તંત્ર અને વહીવટી તંત્ર પરથી ભારતની પ્રજાનો વિશ્વાસ ડગી ગયો છે. તેથી એકમાત્ર વિકલ્પ એવા આપણા ન્યાયતંત્ર મજબૂત બનાવાવું એ ખૂબ આવશ્યક છે. જેથી ન્યાયતંત્ર પર ભારતની પ્રજાએ રાખેલ વિશ્વાસ ટકી રહે.

- **આંતરરાષ્ટ્રીય વેપારને ઉત્તેજન આપવા:-**

આંતરરાષ્ટ્રીય વેપારના વિકાસ માટે જરૂરી છે. ભારતમાં કાયદો વ્યવસ્થાનું યોગ્ય પાલન તેમજ માનવઅધિકારોનું પાલન કેવી રીતે થાય છે. ભારતમાં મૂડી રોકાણ કરનાર દરેક કંપની આ પાયાના માપદંડો જરૂર જોશે. અગર યોગ્ય કાયદો-વ્યવસ્થા જાળવતી હશે તો વધારેને વધારે મૂડી રોકાણોને આકર્ષીત કરી શકાશે. જેથી કાનૂની શિક્ષણ અને સંશોધન જરૂરી છે. તેમજ આંતરાષ્ટ્રીય વેપારમાં ઉત્પન્ન થતી કાનૂની તકરારોના નિવારણ માટે પણ કાનૂની શિક્ષણ અને સંશોધનની જરૂરીયાત છે.

- **રોજગારીની નવી તકો માટે:-**

ભારતમાં યોગ્ય વહીવટી તંત્રનો વિકાસ થશે તો રોજગારીની વિવિધ તકો ઊભી થઇ શકે તેમ છે. કાનૂની શિક્ષણ અને સંશોધન વડે વ્યવસ્થાને યોગ્ય બનાવી રોજગારીની વિવિધ તકો પણ ઊભી કરી શકાય તેમ છે. કાનૂનમાં સંશોધન કરી રોજગારી મેળવવાનો અધિકાર પણ લાવી શકાય તેમ છે.

- **મૂળભૂત અધિકારોની જાળવણી માટે:-**

કાનૂની શિક્ષણ અને સંશોધનનો વિકાસ કરી ભારતના દરેક નાગરિકના માનવ અધિકારોનું જતન કરવા માટે યોગ્ય પગલાં લઇ શકાય તેમ છે. ખાસ તો લોકજાગૃતિ દ્વારા ગરીબ અને પછાત લોકોને તેમના અધિકારોની જાણ કરી તેનું જતન કરવાની માહિતી આપી શકાય. આ રીતે માનવ અધિકારોનું જતન થઇ શકે.

આમ ભારત ક્યારેય ગરીબ દેશ હતો નહિ અને છે પણ નહિ. પરંતુ અમુક લોકો કે જે કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરી અનીતિમય ધનનો ભંડાર જમા કરીને બેઠા છે. જેથી આર્થિક અસમાનતાનું વાતાવરણ ઊભું થયું છે. કાયદામાં યોગ્ય બદલાવ લાવી તેનું યોગ્ય પાલન કરાવી આ સમસ્યાઓનું સમાધાન મેળવી શકાય છે. વિકસિત દેશોના કાયદા-નીતિની

તુલના ભારતના કાયદા-નીતિ સાથે કરતાં ખ્યાલ આવશે કે ભારતનો કાયદો-નીતિ કેટલો નબળો અને બિન-અસરકારક છે. આ જ બધી સમસ્યાઓનું મૂળ છે. યોગ્ય કાનૂની શિક્ષણ અને સંશોધન દ્વારા યોગ્ય કાયદાઓ ઘડી ગરીબી, ભ્રષ્ટાચાર અને મોંઘવારી જેવી બદીઓને દૂર કરી શકાય અને ભારતને વિકસિત દેશોની હરોળમાં મૂકી શકાય.

- **સંદર્ભ સૂચી**


1. 'Legal Research and Methodology' Edited by – S.K.Verma M.Afzal wani, - Published by The Indian Law Institute Bhagwandas Road, New Delhi.

2. 'Research Methodology with Spss' (Statistical Package for the Social Sciences), Dr.A Sajeevan Rao & Dr. Deepak Tyagi, Published by Shree Niwas Publication, Vaisahli Nagar, Jaipur.

3. 'સંશોધન – એક પરિચય', ડૉ.સતીષપ્રકાશ શુકલ, ક્ષિતિ પબ્લીકેશન સહજ પેરડાઇસ, અમદાવાદ.

4. 'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન પદ્ધતિશાસ્ત્ર' – ડી.એ.ઉચાર, - સાહિત્ય મુદ્રણાલપ પ્રા.લી. સીટી મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ.

5. 'શૈક્ષણિક સંસોધનનું પદ્ધતિશાસ્ત્ર' – ડૉ.આર.એમ.પટેલ – જય પબ્લીકેશન , કામધેનું ફ્લેટસ, ઓગણજ, અમદાવાદ.


---------------------